

Real Patidar <mail@realpatidar.com>

OE 33 -Chhabhaiya Parivar boycotts Satpanth / છાભૈયા પરિવાર દ્વારા સતપંથનો બહિષ્કાર

Real Patidar <mail@realpatidar.com> **Mon, May 2, 2011 at 9:45 PM**
To: realpatidar <realpatidar@googlegroups.com>

02-May-2011

|| જય લક્ષ્મીનારાયણ || || Jay Laxminarayan ||

છાભૈયા પરિવારે પોતાને સનાતની જાહેર કરીને સતપંથનો બહિષ્કાર કર્યો છે.
Chhabhaiya Parivar has declared itself to be Sanatani and hence have boycotted Satpanth.

જુવો પાટીદાર સૌરભના એપ્રિલ ૨૦૧૧ના અંકમાં છપાયેલ લેખ. આ લેખ આ ઈમૈલ સાથે જોડેલ પણ છે.
See April 2011 edition of Patidar Saurabh. Relevant page is attached for quick reference.

Real Patidar
www.realpatidar.com

- Views expressed here are for the sake of discussion and knowledge only.
- To fully understand the contents of this email, you may be required to read http://issuu.com/patidar/docs/series_1_-covering_email_contents
- To know more visit www.realpatidar.com or send a request-mail to mail@realpatidar.com
- To receive emails send a request to mail@realpatidar.com or join google group http://groups.google.com/group/realpatidar/
- Views expressed here are not necessarily of Real Patidar or subscribed by Real Patidar.

BEWARE !! BEWARE !!
Phishing attacks: Following ids of Pro-Satpanthis;
1. real-patidar@googlegroups.com 2. realpatidarr@gmail.com 3. realpatidaar@gmail.com
are **NOT** related to the www.realpatidar.com, the original Real Patidar
----

OE 33 -Chhabhaiya Parivar Boycotts Satpanth.pdf
1144K

છાભૈયા પરિવારને સનાતની પરિવાર જાહેર કરાયો

કેન્દ્રીય સમાજના શ્વેતપત્રનો પ્રથમ અમલ કરતો છાભૈયા પરિવાર

કેન્દ્રીય સમાજના શ્વેતપત્ર અને આદેશ બાદ દેશભરમાં જાગેલા સનાતની જુવાળમાં હવે પરિવાર સંગઠનોએ પણ ઝુકાવતાં સનાતની ચળવળને ઓર વેગ મળ્યો છે. શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર છાભૈયા પરિવારે તેમના પરિવારને સનાતની જાહેર કરતો ઠરાવ પણ પસાર કરી એક ઐતિહાસિક કદમ ઉઠાવ્યું છે.

અમદાવાદ ખાતે તા.૧૩-૩-૧૧ના મળેલ છાભૈયા પરિવારની રાષ્ટ્રીય કારોબારી સભામાં આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. કેટલાક ગામ, શહેર, રાજ્યમાંથી પરિવારના ભાઈઓના પત્રો આવેલ જેમાં શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ નખત્રાણાએ બહાર પાડેલ શ્વેતપત્ર અને તેના ધારાધોરણના પાલન માટે છાભૈયા પરિવારનું વલણ શું રહેશે તે બાબતે જાણકારી માંગતા તેના પર થયેલ ચર્ચા-વિચારણાને અંતે આ ઐતિહાસિક ઠરાવ કારોબારીએ સર્વાનુમતે પસાર કર્યો હતો.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ નખત્રાણા દ્વારા ગત તા.૨૫-૩-૧૦ના રોજ બહાર પાડવામાં આવેલ શ્વેતપત્રનું સાંગોપાંગ ચુસ્તપણે પાલન કરવા અને પરિવારનું નામ હાલે 'શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર છાભૈયા પરિવાર' છે તેના બદલે હવેથી 'શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સનાતન છાભૈયા પરિવાર' રાખવા છાભૈયા પરિવારની રાષ્ટ્રીય કારોબારીએ આગામી મળનાર જનરલ સભાને બહાલ રાખવા પણ આગ્રહપૂર્વક ભલામણ કરી છે.

છાભૈયા પરિવારના પ્રમુખ શ્રી ધનજીભાઈ મનજીભાઈ (બેંગલોર)ના અધ્યક્ષસ્થાને મળેલ આ સભામાં શરૂઆતમાં મંત્રી શ્રી જયેશભાઈ સોમજીભાઈ (ભુજ) એ દરેકનું સ્વાગત કરેલ. છાભૈયા પરિવારની રાષ્ટ્રીય કારોબારીના ૫૧ સભ્યોમાંથી ૩૨ સભ્યો આ સભામાં ઉપસ્થિત રહ્યા હતા અને ચર્ચામાં ભાગ લઈ મહત્ત્વપૂર્ણ સૂચનો કર્યા હતા.

પરિવારની ત્રિવાર્ષિક સામાન્ય સભા અને મિલન સમારોહ આગામી શ્રાવણ માસમાં મળશે. સ્થળ અને સમય પાછળથી જણાવવામાં આવશે. આગામી સ્નેહમિલન સમારોહના ભોજનના દાતા તરીકે પરિવારના પૂર્વ ઉપપ્રમુખ સ્વ. અરજણભાઈ લાલજીભાઈ (બોરીવલી) પરિવાર રહેશે.

પરિવારના ઉપપ્રમુખ શ્રી વિઠ્ઠલભાઈ (હિંમતનગર) સહમંત્રી શ્રી માવજીભાઈ (નખત્રાણા), નિવૃત્ત પ્રિન્સીપાલ શ્રી રતિભાઈ (તલોદ), એડવોકેટ શ્રી ગણપતભાઈ (તખતગઢ) સહિતના સભ્યોએ પરિવારના ઉત્કર્ષ અને સંગઠન માટે તેમના મુક્ત મંતવ્યો રજૂ કર્યા હતા.

અધ્યક્ષસ્થાનેથી પ્રમુખ શ્રી ધનજીભાઈએ સભ્યોએ રજૂ કરેલ મંતવ્યોના પ્રત્યુત્તર આપ્યા હતા. દેશભરમાંથી ઉપસ્થિત રહેલ સર્વે કારોબારી સભ્યોની પરિવાર પ્રત્યેની નિષ્ઠાની પણ પ્રમુખશ્રીએ સરાહના કરી હતી.

સનાતની પ્રશ્ને કેન્દ્રીય સમાજે શ્વેતપત્ર અને આદેશ બહાર પાડી સ્પષ્ટ ગાઈડલાઈન્સ આપી દીધા બાદ દેશભરમાં ઝોન સમાજો અને સ્થાનિક નાની-મોટી સમાજોએ તેનો અમલ વહેલો જ શરૂ કરી દીધો હતો પણ પરિવાર ક્ષેત્રે શું કરવું તે પ્રશ્ન સમગ્ર સમાજમાં ઘૂમરાતો હતો તેમાં છાભૈયા પરિવારે પહેલ કરી દિવાદાંડી રૂપ કાર્ય કર્યું છે.

છાભૈયા પરિવારની આ જાહેરાતને દેશભરમાંથી વ્યાપક આવકાર મળ્યો છે. પરિવાર એ સમાજથી ઉપર નથી અને દરેક પરિવારોએ છાભૈયા પરિવારની જેમ જ વહેલી તકે શ્વેતપત્રનો અમલ કરી સનાતની સમાજની રચનાની ચળવળને વેગ આપવો જોઈએ તેવી લાગણી જ્ઞાતિજનો સેવી રહ્યા છે.

❖